Letter No: SJED/0009/03/2024 Dt: 02-03-2024

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ
૨૦૨૩-૨૪ માટેની ચોથા હપ્તાની ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૮/૫૩૭૮૪/ન.બા.૬૩/અ.૧

(e-sarkar: SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section)

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ**

1. આ વિભાગનો તા.૧૮-૦૪-૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃ SJED/CIE/e-file/17/2022/2945/B
2. આ વિભાગનો તા.૧૩-૦૭-૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section
3. આ વિભાગનો તા.૦૨-૦૧-૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section
4. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૦-૦૨-૨૦૨૪નો પત્ર ક્રમાંક વિજાક/બો.નિ/૨૦૨૩-૨૪/૧૬૫૨-૫૩

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૫૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૧૩-૦૭-૨૦૨૩નાં ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨૫.૦૦ લાખની ગ્રાન્ટ અને વંચાણે લીધા ક્રમાંક (૩) પરના તા.૦૨-૦૧-૨૦૨૪નાં ઠરાવથી બીજા અને ત્રીજા હપ્તા પેટે રૂ.૨૫૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી વર્ષ ૨૦૨૩-૨૪નાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૫૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૧૨૫.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૩-૨૪ માં ફાળવવામાં આવેલ બજેટ જોગવાઈ મુજબની રૂ.૫૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૧૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ પચીસ લાખ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૩-૨૪ ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Mar-2024 (11:58 AM)



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૪) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) નિગમે બાકી વાર્ષિક હિસાબોનાં ઓડિટની કામગીરી સત્વરે પૂર્ણ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૨ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને શેરમૂડી હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮-૦૨-૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Mar-2024 (11:58 AM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૩) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેક્ટ ફાઇલ


Open the document in Adobe Acrobat DC to verify the E-sign